ઈએમઆઈ ઑફરો, બૅલેન્સ ટ્રાન્સફર્સ અને કાર્ડ સામે લોન્સ માટેના નિયમો અને શરતો.

૧) રકમ, વ્યાજ-દર, મુદત, પ્રોસેસિંગ ફીઝ અને સમય પહેલાં બંધ કરાવવાના ચાર્જીસને સુવિધા પ્રદાન કરતી વખતે તમને જણાવાશે.

૨) ઈએમઆઈ સુવિધા સાથે કોઈ પણ બૅલેન્સ ટ્રાન્સફર ઍક્ટ અથવા ક્રેડિટ કાર્ડ સામે લોન આવે અથવા ના પણ આવે.

૩) આ સુવિધાઓ માટે અલગ લોન ઍકાઉન્ટ સેટઅપ કરાશે. ઍકાઉન્ટ નંબર તમારા કાર્ડ સ્ટેટમેન્ટ પર પ્રતિબિંબિત થશે અને તમારા પ્રત્યેક ઍકાઉન્ટની ચુકવણી વ્યક્તિગતપણે કરવાની વિનંતી છે. જો તમે સિંગલ ચેક/ડીડી દ્વારા અનેક કાર્ડ ઍકાઉન્ટ્સની બાકી નીકળતી રકમની ચુકવણી કરી રહ્યા હો તો એ તમારા ઍકાઉન્ટ નંબરોમાંના કોઈ એકની તરફેણમાં લખો અને ચેક/ડીડીની પાછળ ચુકવણીની વહેંચણી અંગેની સૂચના સ્પષ્ટપણે લખો.

૪) સિવાય કે સ્પષ્ટપણે નિર્દેશ કરાયો હોય, લોનની કોઈ પણ રકમ કે જેને તમારા ક્રેડિટ કાર્ડની સામે મંજૂર કરાઈ હોય, એ તમારા ક્રેડિટ કાર્ડની સીમાનો એક ભાગ છે. આવા કિસ્સામાં, ક્રેડિટ કાર્ડની સામે લેવામાં આવેલી લોનની બાકી નીકળતી મુદ્દલ રકમના પ્રમાણમાં તમારી ક્રેડિટ કાર્ડ સીમાને બ્લૉક કરાશે. જ્યારે પણ તમે તમારા માસિક ઈએમઆઈ/લાગુ થવા પાત્ર રકમ પાછી ચૂકવશો, તમારી ઉપલબ્ધ ક્રેડિટ સીમા ચૂકવણી મુદ્દલ રકમ જેટલી વધશે.

૫. તમારા માસિક સ્ટેટમેન્ટમાં દર્શાવેલી "ઉપલબ્ધ ક્રેડિટ લિમિટ" પણ બૅલેન્સ ટ્રાન્સફર્સ, ઍડવાન્સીસ અને તમારા ઈએમઆઈ લોન ઍકાઉન્ટ્સ પરના કોઈ પણ ના ચૂકવેલી પ્રિન્સીપલ રકમ સંબંધિત તમામ આઉટસ્ટેન્ડિંગનો અવયવ છે.

૬. ઈએમઆઈ ઍકાઉન્ટ માટે કૃપયા નીચે આપેલા સ્ટેટમેન્ટની કૉપીનો નમૂનો જુઓ જે ઈએમઆઈ ઍકાઉન્ટ્સ માટેની અમારી બિલિંગ સિસ્ટમને સમજવામાં તમારી મદદ કરશે.



૭. ઈએમઆઈ ને તમારી દર મહિને ડ્યૂ થતી ન્યૂનતમ રકમમાં ઉમેરાશે અને જો જણાવેલી ચુકવણીની ડ્યૂ થતી તારીખમાં ડ્યૂ થતી ન્યૂનતમ રકમ પૂરેપૂરી ચૂકવવામાં ના આવે તો એના પર પેનલ ચાર્જીસ લાગશે. ઈએમઆઈ અને એ રીતે ડ્યૂ થતી ન્યૂનતમ રકમ તમારા ક્રેડિટ કાર્ડ સીમાનો એક ભાગ હશે. જો બાકી નીકળતી રકમ (ઈએમઆઈ સહિત) ક્રેડિટ સીમાને ઉલ્લંઘી જાય તો તમે લાગુ થવાપાત્ર ઓવર લિમિટ ચાર્જીસ ચૂકવવાને જવાબદાર ઠરશો.

૮. આ સ્પેશ્યલ પ્રોમોશનલ ઑફરો માત્ર ચૂંટેલા કાર્ડમેમ્બરો માટે જ છે. કાર્ડ મેમ્બર સ્ટૅન્ડર્ડ ચાર્ટર્ડ બૅન્ક પોતાની મુનસફી મુજબ ચૂંટશે. બૅન્ક પોતાની મુનસફી મુજબ ભવિષ્યમાં આવી ઑફરો સાથે આવે અથવા ના પણ આવે.

૯. લોનની રકમ, લાગુ થવાપાત્ર વ્યાજ, પ્રોસેસિંગ ફી અને સર્વિસ ટૅક્સ (ઈએમઆઈના ઇન્ટરેસ્ટ  કોમ્પોનેન્ટ્સ પર) ને તમારા માસિક ક્રેડિટ કાર્ડમાં બિલ કરાશે.

૧૦. બૅન્ક ગમે ત્યારે તમામ અથવા ગમે એ નિયમો અને શરતોમાં સુધારો, વધારો, ફેરફાર, પરિવર્તન કરવાનો અથવા આ પૂરેપૂરી કે આંશિક સ્કીમને બીજી સ્કીમ સાથે બદલવાનો, ચાહે એ આ જ પ્રકારની હોય કે નહીં, અથવા પૂરેપૂરી પાછી ખેંચી લેવાનો અધિકાર સુરક્ષિત રાખે છે.

૧૧. સ્ટૅન્ડર્ડ ચાર્ટર્ડ બૅન્ક જો અગાઉની ચુકવણી ઓવરડ્યૂ થઈ ગઈ હોય અને કાર્ડ રદબાતલ થવાનો પ્રસંગ ઊભો થાય તો લોનને વહેલી બંધ કરીને સમગ્ર આઉટસ્ટેન્ડીંગ રકમને ડેબિટ કરવાનો અધિકાર સુરક્ષિત રાખે છે.

૧૨. પાર્ટીસિપેન્ટ્સ આ સ્કીમ સાથે સંકળાયેલ ઍક્શન્સ, દાવા, માગ, નુકસાન, હાનિ, ખર્ચા કે જે પાર્ટિસિપેન્ટે કરવા પડે, વેઠવા પડે તો સ્ટૅન્ડર્ડ ચાર્ટર્ડ બૅન્કને જવાબદાર અથવા ઉત્તરદાયી નહીં ઠેરવી શકે.

૧૩. જો તમામ હપ્તાને ચાર્જ કરાયા પહેલાં તમારા સ્ટૅન્ડર્ડ ચાર્ટર્ડ બૅન્ક ક્રેડિટ કાર્ડને બંધ કરવામાં આવે અથવા ઈએમઆઈ ઍકાઉન્ટ મુદત અગાઉ બંધ કરી દેવામાં આવે તો પ્રીક્લોઝર ચાર્જીસ સાથે લોન એમાઉન્ટ આઉટસ્ટેન્ડીંગને  એક એકત્રિત રકમ રૂપે તમારા ક્રેડિટ કાર્ડમાં ડેબિટ કરાશે. ત્યાર પછી, એને તમારા કાર્ડ એકાઉન્ટ પર આઉટસ્ટેન્ડિંગ તરીકે ગણત્રી કરાશે અને ફાઇનાન્શ્યલ ચાર્જીસ (TSC ગવર્નિંગ ધ ક્રેડિટ કાર્ડ અનુસાર) લાગુ કરાશે. ચાહે એ એની જ સામે આંશિક/નો પેમેન્ટ હોય.

૧૪. અહીં એવું કંઈ જ નથી જે કાર્ડ મેમ્બર કરારની શરતો કે નિયમો સાથે પૂર્વગ્રહ ધરાવતું હોય કે અસર કરતું હોય. આ કરારના નિયમો બૅન્કના કાર્ડ મેમ્બર રૂલ્સ ઍન્ડ રેગ્યુલેશન્સમાં સમાવિષ્ટ નિયમોથી વધારાના અને નહીં કે ઘટાડાના હશે.

૧૫. જો તમે લોનની વિગતો, વ્યાજના દર, લાગુ પડતા ચાર્જીસ અથવા નિયમો અને શરતો સાથે સંમત ના હો તો એવા સંજોગોમાં તમારે બૅન્કની હેલ્પ લાઇનને કૉલ કરીને ૧૫ દિવસની અંદર લોનને રદ કરાવવી પડશે. આમાં જો તમે નિષ્ફળ જશો તો તમે લોન તથા અહીં આપેલા નિયમો અને શરતોને સ્વીકાર્યા છે એમ ધારી લેવાશે અને ડિમાન્ડ ડ્રાફ્ટની તારીખથી વિતરીત કરેલી રકમ પર વ્યાજ ચૂકવવા માટે જવાબદાર ગણાશો.

૧૬. ત્યાર પછી સ્વૈચ્છિક રદ્દીકરણ પર ધ્યાન આપવામાં આવશે નહીં.

૧૬. તમારા ઈએમઆઈ ઍકાઉન્ટને સમય પહેલાં બંધ કરાવવા માટે કૃપયા હેલ્પલાઈન નંબરો પર કૉલ કરો.